## જન્મદિને વધામણી



ડો. પ્રદીપ ગગલાણી
પ્રિન્સિપાલ, ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ
મો. ૯૮૨૪૨ ૬૬૧૨૧




પ્રતાપસિંહજી સોલંકી
મો. ૭૦૫૪૦ ૭૯૫૧૬



નરોત્તમભાઈ પી પરમાર



રોહિતભાઈ બી જોષી



રૂદ્ર જયેશલાલ બારૈયા
મો. ૯૮૨૫૬ ૦૬૦૬૪

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.
- સંપાદક

# જાણીતા સાહિત્યકાર કેશુભાઈ દેસાઈનું સન્માન



ગાંધીનગર, તા.૪
સાહિત્યની ત્રિવેણી સંગમરૂપ સંસ્થાઓ ગાંધીનગર સાહિત્ય સભાના ઉપક્રમે રાષ્ટ્રભાષા પ્રચારક મંડળ સુરતના સહયોગથી અભ્યુદય બહુઉદેશ્ય સંસ્થા વર્ધા દ્વારા ગુજરાતના માનનીય રાજયપાલશ્રી ઓ.પી. કોહલીના અધ્યક્ષ સ્થાને તેમજ વરિષ્ઠ લોક સાહિત્યકાર દોલત ભટ્ટના અતિથિવિશેષ પદે ગાંધીનગર સ્થિત વરિષ્ઠ સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈ અને સુરત સ્થિત હિન્દી સેવી ડૉ. સુષ્મા અય્યરને 'હિન્દી સેવી સરસ્વતી સન્માન' અર્પણ કરવાનો સમારોહ ગાંધીનગર રાજભવન ખાતે યોજાઈ ગયો.

આ પ્રસંગે અભ્યુદય બહુ ઉદ્દેશીય સંસ્થા વર્ધાના મહાસચિવ નરેન્દ્ર ઢેઢારેએ સૌનું સ્વાગત કર્યું હતું. જયારે રાષ્ટ્રભાષાના પ્રચાર મંડળ સુરતના અધ્યક્ષ અતુલ પાઠકજીએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલી દ્વારા બંને મહાનુભાવોને સ્મૃતિ ચિન્હ, માળા તેમજ સન્માનપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. રાજયપાલશ્રીએ હિન્દી સેવી સન્માન પ્રાપ્ત કરનાર બંને મહાનુભાવોને બિરદાવ્યા હતા અને અભિનંદન પાઠવ્યા હતા.

ગાંધીનગર સાહિત્ય સભાના અધ્યક્ષ નટવર હેડાઉએ સાહિત્યમાં અન્ય ભાષાઓમાં આદાન પ્રદાનમાં હિન્દીના મહ્ત્વની વાત કરી આ પ્રકારના સન્માનથી થતા સાહિત્ય અને સમાજના મહત્વને સમજાવ્યું હતું અને સૌનો આભાર વ્યકત કર્યો હતો. ગાંધીનગરના પ્રબુધ્ધ નાગરિકો, સાહિત્યકારો અને ભાવકો બહોળા પ્રમાણમાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમના સંચાલનની જવાબદારી કનૈયાલાલ ભટ્ટે સ્વીકારી હતી.

### ભોળાભાઈ પટેલ બી. સી. એ. કોલેજમાં
# "પાયથન પ્રોગ્રામિંગ" વિષય પર સર્ટીફીકેટ કોર્ષ યોજાયો



ગાંધીનગર, તા. ૪
કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ બી.સી.એ. દ્વારા "પાયથન પ્રોગ્રામિંગ" વિષય પર ૩૦ કલાકનો એક સર્ટીફીકેટ કોર્ષ યોજાઈ ગયો. કડી સર્વ વિશ્વવિદ્યાલયની બી.સી.એ. કોલેજ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે કટીબદ્ધ છે. કમ્પ્યુટર ક્ષેત્રે ખૂબ જ ઝડપથી થતો વિકાસ કોઈપણ યુનિવર્સીટી માટે અભ્યાસક્રમમાં સમાવવો મુશ્કેલ હોય છે જેથી વિદ્યાર્થીઓને રોજ-બ-રોજ થતા વિકાસથી મહિતીસભર બનાવવા આવા સર્ટીફિકેટ કોર્ષ અત્યંત જરૂરી છે. આ અનુસંધાને ચાલુ વર્ષના પાંચમા સર્ટીફિકેટ કોર્ષ અંગે માહિતી આપતા કોલેજના ડાયરેક્ટર ડૉ. સંજયભાઈ શાહે જણાવ્યુ હતું કે છેલ્લા દશકામાં "પાયથન પ્રોગ્રામિંગ"ના નિષ્ણાતોની માંગમાં નોંધપાત્ર વધારો થયો છે જેથી "પાયથન પ્રોગ્રામિંગ" વિષે વિદ્યાર્થીઓને નિષ્ણાત બનાવવા એ સમયની માંગ છે અને તેથી જ આ કોર્સનું આયોજન કરવામાં આવ્યું. જેમાં બેઝીક પ્રોગ્રામિંગથી શરૂ કરીને એડવાન્સ પ્રોગ્રામિંગને લગતા તમામ કન્સેપ્ટ આવરી લેવામાં આવ્યા હતા. વિષય તજજ્ઞ તરીકે ટોપ્સ ટેક્નોલૉજીના જિગર ઠક્કરે પોતાની સેવાઓ આપી હતી. કોલેજના ૨૧ વિદ્યાર્થીઓએ આ કોર્સમાં ભાગ લીધો હતો. આ સર્ટીફિકેટ કોર્સના ભાગરૂપે વિદ્યાર્થીઓને ઈન્ડસ્ટ્રી વિઝીટમાં "ટોપ્સ ટેક્નોલૉજી, અમદાવાદ" ખાતે લઈ જવામાં આવ્યા હતા જ્યાં નિષ્ણાતો દ્વારા Angular IS પર સેમિનાર આપવામાં આવ્યો હતો. સર્ટિફિકેટ કોર્સના અંતે વિદ્યાર્થીઓની પ્રેક્ટિકલ પરીક્ષા લઈ, ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા. આ સમગ્ર કોર્સનું સફળ સંચાલન કોલેજના પ્રાધ્યાપક ડો. નિધિ દિવેચા, પ્રો. પૂજા જોશી અને પ્રો. પાલક પટેલ દ્વારા કોલેજના ડીરેક્ટર ડો. સંજયભાઈ શાહના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# પી જી મૅડિકલમાં વિદ્યાર્થીઓને કૉલેજની ફાળવણી

ગાંધીનગર, તા. ૪
પી.જી.મેડિકલ-ડેન્ટલમાં ચાલતી પ્રવેશ પ્રક્રિયામાં પહેલા રાઉન્ડમાં વિદ્યાર્થીઓ આપેલી ચોઇસના આધારે કોલેજની ફાળવણી કરી દેવામાં આવી છે. મરિટમાં સમાવેશ થયો હતો તે ૨૫૩૩ વિદ્યાર્થીઓ પૈકી ૧૧૫૨ વિદ્યાર્થીઓને કોલેજની ફાળવણી કરી દેવામાં આવી હતી. જયારે ડેન્ટલમાં ૬૧ જેટલી બેઠકો ખાલી પડી હતી. આ વખતે પી.જી.મેડિકલમાં ગતવર્ષની સરખામણીમાં ૧૦૦ ક્રમાંક જેટલુ મેરિટ ઊચું ગયું હતું. .

પી.જી.મેડિકલની ૧૧૫૨ બેઠકો અને ડેન્ટલની ૧૫૬ જેટલી બેઠકો માટે મોકરાઉન્ડ બાદ ફાઈનલ રાઉન્ડ માટે ચોઇસ ફિલિંગની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. આજે મેડિકલની તમામ બેઠકો ફુલ થઇ ચુકી હતી. જોકે, ગતવર્ષ કરતાં મેરિટ ઊચું ગયું હતું. ઉદાહરણ તરીકે જોઇએ તો ગતવર્ષે બી.જે.મેડિકલમાં ઓર્થો.ની બ્રાન્ચ ૨૦૦ ક્રમે ભરાઇ હોય તો આ ?વખતે ૧૦૦ ક્રમે ભરાઇ હતી. એટલે કે આ વખતે મેરિટ ઊચું ગયું હતું. જયારે ડેન્ટલમાં અગાઉની જેમ જ આ ?વખતે પણ ૬૧ જેટલી બેઠકો ખાલી પડી હતી. જે વિદ્યાર્થીઓ પ્રવેશ ફાળવી આપવામાં આવ્યો છે તેઓએ આગામી તા.૬ થી ૧૧ સુધીમાં ફી ભરી દેવાની રહેશે. જયારે તા.૬ થી ૧૨ સુધીમાં ડોક્યુમેન્ટ વેરિફિકેશન કરાવવાના રહેશે. વેરિફિકેશનની પ્રક્રિયામાં દરેક વિદ્યાર્થીઓએ ઓરિજનલ ડોક્યુમેન્ટ લાવવાના રહેશે. હાલ જે બેઠકો પર વિદ્યાર્થીઓને પ્રવેશ મળ્યો છે તે પૈકી ખાલી રહેનારી બેઠકો અને ડેન્ટલમાં જે બેઠકો ખાલી પડી છે તે તમામ બેઠકો ઉપરાંત ઓલ ઈન્ડિયા કવોટામાં ખાલી પડનારી બેઠકો માટે આગામી તા.૨૨મીએ નવો રાઉન્ડ શરૂ કરવામાં આવશે. જેમાં ડેન્ટલમાં પ્રવેશની લાયકાત ઘટાડવામાં આવ્યા બાદ જે વિદ્યાર્થીઓ રજિસ્ટ્રેશન કરાવ્યું છે તેમને પણ સામેલ કરી દેવામાં આવશે.

### ભાટની શ્રી સ્વામીનારાયણ ઈન્સ્ટીટ્યુટ ઑફ ટૅકનોલૉજી ખાતે
# બાયસૅગ અને રેવ ઑટોમેશનની વિશેષ મુલાકાત





ગાંધીનગર, તા. ૪
શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટીટ્યુટ ઑફ ટેકનોલૉજી, ભાટ દ્વારા ઈન્ડસ્ટ્રીઝ વિઝીટના ભાગરૂપે બાયસૅગ અને રિવ ઓટોમેશન ઍલઍલપીની વિશેષ મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કમ્યુનિકેશન બ્રાન્ચના ૬૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ વિઝીટ દરમિયાન વિદ્યાર્થીઓને બાયસેગ દ્વારા સ્પેસ, સેટેલાઈટ, કમ્યુનિકેશન, રોકેટ સાયન્સ, એરો સ્પેસ રિસર્ચ, બ્રોડકાસ્ટીંગ વિષયો પર વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આજના આધુનિક યુગની જરૂરિયાત એવા (ઈન્ટરનેટ ઓફ થીંગ્સ) અને સેન્સર ટેકનોલૉજી, સ્માર્ટ ડિવાઈસીસ, આઈઓટી ઈન એગ્રીકલ્ચર જેવા વિષયો પર રેવ ઓટોમેશનના ડિરેક્ટર મધુકાંત પટેલ દ્વારા વિશેષ માર્ગદર્શન અને લાઈવ ડેમો આપવામાં આવ્યા હતા.

વધુમાં એસએસઆઈટી, ઈસી વિભાગના વડા મેહુલ મહેતાએ જણાવ્યું હતું કે ટેકનીકલ એજ્યુકેશનમાં આ પ્રકારની વિઝીટ અને લાઈવ ડેમો સૅશન દ્વારા વિદ્યાર્થીઓને ખૂબ જ લાભ થવાની શક્યતાઓ રહેલી છે. આગામી સમયમાં કૉલેજ દ્વારા આ પ્રકારની વધુ ઈન્ડસ્ટ્રી વિઝીટનું આયોજન કરવામાં આવ્યું છે.

### કલોલ તાલુકાની બિલેશ્વરપુરા પ્રાથમિક શાળામાં
# પર્પઝ ઓફ લિવિંગ દ્વારા સ્ટેશનરી કીટ અર્પણના કાર્યક્રમનું આયોજન






ગાંધીનગર, તા. ૪
પર્પઝ ઓફ લિવિંગ સંસ્થા ને એક વર્ષ પૂર્ણ થતા તેની ખુશીમાં બિલેશ્વરપુરા પ્રા શાળામાં ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓને પર્પઝ ઓફ લિવિંગ સંસ્થા ની ટીમ દ્વારા સ્ટેશનરી કીટ આપવાનું આયોજન થઈ ગયું.

આ કાર્યક્રમનું આયોજન બિલેશ્વરપુરા પ્રા શાળાના શિક્ષિકા બેનશ્રી મિત્તલબેન એસ પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું. ગામના સરપંચશ્રી ગંભીરજી ઠાકોર પણ હાજર રહ્યા હતા. એસ. એમ. સી ના સભ્યો તથા શાળા સ્ટાફ સર્વે કાર્યક્રમમાં હાજર રહી કાર્યક્રમને શોભાવ્યો હતો.

પર્પઝ ઓફ લિવિંગ ટીમના સભ્યશ્રીઓમાં શ્રી પરીક્ષિત ચંદ્રકાન્ત પંડ્યા, રજતસીહ,, શ્રીજીત, રવિ ચૌહાણે હાજરી આપી હતી અને બાળકોને કીટ વિતરણ કરવામાં આવી હતી. આ આખાય કાર્યક્રમ નું આયોજન બેનશ્રી મિત્તલબેન પંડ્યા તથા પર્પઝ ઓફ લિવિંગના સભ્યશ્રી શ્રી પરીક્ષિત પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું.

આ ટીમ જરૂરિયાતમંદ બાળકોને કપડાં, પુસ્તકો તથા ફી વગેરેમાં મદદ પુરી પાડી સેવાના કાર્યો કરે છે. આ ટીમ દરેક જગ્યાએ પોતાના કૌશલ્યો જેવાકે સિંગિંગ, નાટક દ્વારા કાર્યો કરીને ભંડોળ ઉભું કરીને જરૂરિયાતમંદોને મદદ કરવાનું કાર્ય કરે છે. આમ, છેલ્લે આભારવિધિ સાથે કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

# ઈન્ટેલ કંપની દ્વારા આયોજિત કાર્યક્રમમાં એમ બી પટેલ સ્કૂલ જોડાઈ



ગાંધીનગર, તા. ૪
ઈન્ટેલ કંપની દ્વારા આયોજિત 'બ્રિડીંગ ધ ઈનોવેશન ગેપ-૨૦૧૮' કાર્યક્રમમાં અમારી શાળાના ૨૦ વિદ્યાર્થીઓએ ૧ મહિના સુધી તાલીમ લીધી. તાલીમ બાદ આઈઆઈટી પાલજ ખાતેની સ્પર્ધામાં અમારી શાળાના ધોરણ-૯ના વિદ્યાર્થીઓએ 'રડાર સૅન્સર' બનાવ્યું હતું. જેમાં સાના રાઠોડ, હેલી પરમાર, ચાર્મી સોલંકી, જીલ પટેલ અને આનંદ પટેલે સમગ્ર સ્પર્ધામાં તૃતિય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ સ્પર્ધામાં ગાંધીનગરની ઘણી શાળાઓના જૂથે ભાગ લીધો હતો. તેમના માર્ગદર્શન નરેન્દ્ર પટેલના સહકારને શાળાના આચાર્ય અર્પિત ક્રિશ્ચિન અને શાળા પરિવારે બિરદાવ્યા હતા. ભક્તિ કોશિયા અને રોયલ ક્રિશિયને ખૂબ જહેમતથી વિદ્યાર્થીઓને તાલીમ આપી હતી. શાળા પરિવારે ઈન્ટેલ ગૃપનો ખૂબ જ આભાર માન્યો હતો.

# આત્મન ફાઉન્ડેશન દ્વારા વિદ્યાર્થીઓને સ્લીપર અને નાસ્તાનું વિતરણ





નગરની સેવા સંસ્થા આત્મન ફાઉન્ડેશન દ્વારા મંગળવારે સવારે ૧૧ કલાકે સૅક્ટર-૧૩ની સરકારી પ્રાથમિક શાળા, ૧૩/૧ અને ૧૩/૨ના ધોરણ-૧થી ૮ના લગભગ ૪૦૦ વિદ્યાર્થીઓને સ્લીપર અને નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ મનગમતાં પગરખાં અને નાસ્તો પામીને ખુશખુશાલ થઈ ગયા હતા. આ પ્રસંગે સંસ્થા વતી ઍચ બી વરિયા, દિવ્યાબેન વરિયા, પ્રજ્ઞાબેન પટેલ અને જયશ્રી ખેતિયા ઉપસ્થિત રહ્યાં હતાં.